PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 240
Dt.: 12-05-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa



### શિખર પર ૧૧ તીર્થના જળથી કરાયો કુંભાભિષેક

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરમાં કરી પૂજા

## સોમનાથ મંદિરમાં સોમનાથ અમૃત મહોત્સવમાં હાજરી આપતા પહેલા મોદીએ એક રોડ શોમાં ભાગ લીધો હતો



(સંપૂર્ણ સમાચાર સેવા)સોમનાથ

સોમનાથ મંદિરના ઈતિહાસમાં પ્રથમ વખત પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક કરવામાં આવ્યો છે. ૯૦ મીટર ઊંચી ક્રેઈનથી વિશાળ કુંભને શિખર સુધી લઈ જવાયા બાદ મંત્રોચ્ચાર સાથે મંદિરના શિખર પર અભિષેક કરવામાં આવ્યો છે.

સોમનાથ મંદિરમાં વડાપ્રધાન મોદીએ પૂજા અર્ચના કર્યા બાદ શિવલિંગને જળ અર્પણ કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરમાં આયોજિત "અમૃત મહોત્સવ" કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. સોમનાથ મંદિરના ભવ્ય શિખર પર દેશભરના ૧૧ પવિત્ર તીર્થસ્થળોના જળથી કુંભાભિષેક કરવામાં આવ્યો હતો. આ કુંભાભિષેક માટે એક વિશેષ કળશનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમારોહ દરમિયાન ૧૧ તીર્થસ્થળોમાંથી લાવવામાં આવેલા પવિત્ર જળથી મંદિરના ૯૦-મીટર ઊંચા શિખર પર અભિષેક કરવામાં આવ્યો હતો. સોમનાથના શિખર પર ૧૧ તીર્થના જળથી કુંભાભિષેક કરાયો હતો. સોમનાથ મંદિરના શિખર પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. સોમનાથ મંદિરના પુનઃનિર્માણને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. સોમનાથમાં સૂર્યકિરણની ટીમનો એર શૉ જોવા મળ્યો હતો. સૂર્યકિરણની ટીમના આકાશમાં અનોખા કરતબ જોવા મળ્યા હતા.

સોમનાથ મંદિરમાં સોમનાથ અમૃત મહોત્સવમાં હાજરી આપતા પહેલા પીએમ મોદીએ એક રોડ શોમાં ભાગ લીધો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા. આ ભવ્ય રોડ શોમાં વડાપ્રધાન મોદી લોકોનું અભિવાદન સ્વીકારતા જોવા મળ્યા હતા.

હેલિપેડથી સોમનાથ મંદિર સુધી વિશાળ રોડ શો યોજાયો હતો, જેમાં હજારો લોકો રસ્તાની બન્ને બાજુ ઉભા રહી વડાપ્રધાનનું સ્વાગત કરતા જોવા મળ્યા હતા. સમગ્ર માર્ગ દેશભક્તિના નારા અને ધાર્મિક ઉલ્લાસથી ગૂંજી ઉઠ્યો હતો. રોડ શો પૂર્ણ થયા બાદ વડાપ્રધાને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારના ૭૫ વર્ષ

## મોદીએ કહ્યું- આ અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સોમનાથ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ગુજરાત પ્રવાસનો આજે (૧૧મી મે) બીજો અને અત્યંત મહત્ત્વપૂર્ણ દિવસ હતો. જામનગરની મુલાકાત બાદ વડાપ્રધાન આજે પ્રથમ જ્યોતિર્લિંગ એવા ભગવાન સોમનાથના શરણે પહોંચ્યા હતા. સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬'માં વડાપ્રધાન મોદીએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું: 'આજે, હું ફક્ત ૭૫ વર્ષનો ઝાંખી નથી જોઈ રહ્યો. હું વિનાશ વચ્ચે સર્જન કરવાનો સંકલ્પ જોઈ રહ્યો છું. અહીં, હું અસત્ય પર સત્યનો વિજય જોઈ રહ્યો છું. અહીં, હું હજારો વર્ષો સુધી ફેલાયેલી આધ્યાત્મિક ચેતના જોઉં છું - એક એવી આધ્યાત્મિક ચેતના જેણે સમગ્ર વિશ્વને સમગ્ર માનવતાના કલ્યાણના દ્રષ્ટિકોણથી જોયું છે. હું ભારતનો અવિનાશી સાર જોઉં છું - એક એવો સાર જેને સદીઓના દુષ્ટ પ્રયાસો પણ ભૂંસી શક્યા નથી.'

સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ'માં સહભાગી થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક અત્યંત ભાવુક અને આધ્યાત્મિક સંબોધન કર્યું હતું. ભગવાન સોમનાથના સાનિધ્યમાં કલા, સંગીત અને મંત્રોચ્ચાર વચ્ચે વડાપ્રધાને આ ક્ષણને ઐતિહાસિક ગણાવી હતી. સંબોધનની શરૂઆત કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, 'આજની મારી આ સોમનાથ યાત્રામાં એક અનોખી સુખદ અનુભૂતિ થઈ રહી છે. અહીં કલા, સંગીત અને નૃત્યના મનોહર પ્રદર્શન સાથે, વૈદિક મંત્રોના પવિત્ર જાપ સાથે, ગર્ભગૃહમાં 'શિવપંચક્ષરી' ના સતત પાઠ સાથે અને સમુદ્રના મોજાઓના ગૂંજતા જયઘોષ સાથે - એવું લાગે છે કે જાણે આખું બ્રહ્માંડ એક સૂરમાં બોલી રહ્યું છે,જય સોમનાથ!'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરના અમૃત પર્વ નિમિત્તે ૭૫ રૂપિયાનો સ્મારક સિક્કો જાહેર કર્યો છે. આ વિશેષ સિક્કાની વિશેષતાઓ પર નજર કરીએ તો, રૂ.૭૫ નો આ સિક્કો ગોળાકાર હશે અને તેનો વ્યાસ ૪૪ મિલીમીટર રાખવામાં આવ્યો છે. આ સિક્કો ૯૯.૯ ટકા શુદ્ધ ચાંદીમાંથી બનાવવામાં આવશે અને તેનું વજન ૪૦ ગ્રામ નિર્ધારિત કરવામાં આવ્યું છે. સિક્કાની ડિઝાઈનમાં ખૂબ જ કાળજી રાખવામાં આવી છે; તેની આગળની બાજુએ મધ્યમાં અશોક સ્તંભની આકૃતિ અને નીચે 'સત્યમેવ જયતે' લખેલું હશે. સિક્કાની પાછળની બાજુએ સોમનાથ મંદિરની ભવ્ય આકૃતિ છે. વડાપ્રધાન મોદી કુંભાભિષેક વિધિ બાદ સોમનાથમાં વિશેષ પૂજામાં સહભાગી થયા હતા. હવે તેઓ બપોરે જાહેર સભાને સંબોધશે. કુંભાભિષેક દરમિયાન મંદિરના શિખર પર ૧૧ પવિત્ર તીર્થના જળથી ઐતિહાસિક કુંભાભિષેક કર્યા બાદ ધ્વાજારોહણ કરવામાં આવ્યું હતું.

### MIRV સિસ્ટમથી સજ્જ મિસાઈલ એકસાથે અનેક લક્ષ્યોને નિશાન બનાવવા સક્ષમ

## દેશની પ્રહાર ક્ષમતામાં વધારો, એડવાન્સ્ડ અગ્નિ મિસાઈલનું સફળ પરીક્ષણ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેડ રી-એન્ટ્રી વ્હીકલ (MIRV) સિસ્ટમથી સજ્જ એડવાન્સ્ડ અગ્નિ મિસાઈલનું હિંદ મહાસાગર રિઝનમાં સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. આ આધુનિક અગ્નિ મિસાઈલ વિશાળ એરિયામાં એક સાથે વિવિધ ટાર્ગેટ પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. મિસાઈલના સફળ પરીક્ષણ બદલ સંરક્ષણ પ્રધાન રાજથનાથ સિંહે ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO), ઈન્ડિયન આર્મી અને ડિફેન્સ ઈન્ડસ્ટ્રીઝને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે આનાથી દેશ સામે વધતા જતાં સુરક્ષા ખતરાઓ સામે દેશની સંરક્ષણ તૈયારીઓને મોટી તાકાત મળશે. સત્તાવાર નિવેદનમાં જણાવ્યા મુજબ MIRV ક્ષમતાવાળી અદ્યતન અગ્નિ મિસાઈલનું સફળ પરીક્ષણ ઓડિશા સ્થિત ડો. એપીજે અબ્દુલ કલામ ટાપુ પરથી કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ અનેક પેલોડ સાથે કરવામાં આવ્યું હતું, જેનાથી એકસાથે અનેક ટાર્ગેટ પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. મિસાઈલની સમગ્ર યાત્રા પર નજર રાખવા માટે જમીન આધારિત અને જહાજ આધારિત અનેક ટ્રેકિંગ અને ટેલિમેટ્રી સ્ટેશનોનો ઉપયોગ કરાયો હતો. ઉડાન ભરવાથી લઈને તમામ પેલોડ્સના નિર્ધારિત સ્થળે પ્રહાર સુધીની પ્રક્રિયા સફળ રહી હતી. આ સફળ પરીક્ષણ સાથે ભારતે એક જ મિસાઈલ સિસ્ટમ દ્વારા અનેક વ્યૂહાત્મક લક્ષ્યોને નિશાન બનાવવાની ક્ષમતા દર્શાવી છે. આ મિસાઈલ દેશભરના ઉદ્યોગોના સહયોગથી DRDOની લેબોરેટરીઓ દ્વારા વિકસાવવામાં આવી છે. આ પરીક્ષણ દરમિયાન DRDOના વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને ભારતીય સેનાના અધિકારીઓ હાજર રહ્યા હતાં.આ પહેલા ગુરુવારે DRDO અને ઈન્ડિયન એર ફોર્સ (IAF)એ ઓડિશાના દરિયા કિનારે ટેક્ટિકલ એડવાન્સ્ડ રેન્જ ઓગમેન્ટેશન (TARA) હથિયારનું પ્રથમ સફળ પરીક્ષણ કર્યું હતું. TARA ભારતની પ્રથમ સ્વદેશી ગ્લાઈડ હથિયાર પ્રણાલી છે, જે સામાન્ય અનગાઈડેડ વોરહેડ્સને ચોક્કસ નિશાન સાધનારા સચોટ ગાઈડેડ હથિયારમાં પરિવર્તિત કરે છે. આ સિસ્ટમની ડિઝાઈન અને સંશોધન હૈદરાબાદ સ્થિત રીસર્ચ સેન્ટર ઈમરત (RCI) અને DRDOની લેબોરેટરીઓએ કર્યું છે. આ હથિયાર પ્રણાલી ઓછા ખર્ચે જમીન આધારિત લક્ષ્યોને ચોકસાઈથી નિશાન બનાવી શકે છે.

### મોદીની ઈંધણ બચાવો અપીલ બાદ સરકારની હૈયાધારણા

## દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG કે ક્રૂડ ઓઈલની કોઈ પણ પ્રકારની અછત નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક તણાવ વચ્ચે દેશવાસીઓને ઈંધણ બચાવવા માટે કરેલી અપીલના એક દિવસ બાદ કેન્દ્ર સરકારે મહત્ત્વની સ્પષ્ટતા કરી છે. સોમવારે સરકારે ખાતરી આપી છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG કે ક્રૂડ ઓઈલની કોઈ પણ પ્રકારની અછત નથી, તેથી નાગરિકોએ ગભરાવાની કે પેનિક બાયિંગ કરવાની જરૂર નથી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની સ્થિતિ અંગે યોજાયેલી આંતર-મંત્રાલય બ્રીફિંગ દરમિયાન કેન્દ્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારત પાસે ઈંધણનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને આ ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષની અસર ઘટાડવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરીએ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "ભારત પાસે ક્રૂડ ઓઈલ, LPG, પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક છે. ભારતની ઉર્જા આયાતનો લગભગ ૯૦% હિસ્સો અસરગ્રસ્ત પ્રદેશમાંથી આવે છે, પરંતુ સરકારે સપ્લાયમાં કોઈ પણ વિક્ષેપ ન આવે તે માટે ઝડપી પગલાં લીધા છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "કોઈ અછત નથી.

વડાપ્રધાનની તાજેતરની અપીલને ઉર્જા સંરક્ષણ અને વૈશ્વિક અનિશ્ચિતતાના સમયમાં દેશ પરના આર્થિક બોજને ઘટાડવાના પ્રયાસ તરીકે જોવી જોઈએ." અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે વડાપ્રધાન મોદીએ બિનજરૂરી મુસાફરી ઘટાડવા અને ઈંધણ બચાવવા માટે જે સંદેશ આપ્યો હતો, તેને પુરવઠાની અછતના પ્રતિભાવ તરીકે નહીં, પરંતુ ઉર્જા બચાવવાની ભાવના તરીકે જોવો જોઈએ. વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ ઊર્જા બજારોને અસર કરી રહ્યા છે ત્યારે જવાબદાર ઉપયોગ પ્રોત્સાહિત કરવા માટે આ અપીલ કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત તેના ઉર્જા સંરક્ષણ અને પુરવઠાના પ્રયાસોના ભાગરૂપે અનેક દેશો પાસેથી ઉર્જા ખરીદવાનો પ્રયાસ કરી રહ્યું છે.









# તંત્રી લેખ......

## ભારતીય રાજકારણનો બદલાતો ચહેરો

આ વખતે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના પરિણામોએ માત્ર સત્તાનું ગણિત જ બદલ્યું નથી પરંતુ લોકશાહીના અર્થને એક નવું સામાજિક અર્થઘટન પણ આપ્યું છે. અસગ્રામથી કાલિતા માઝી, હિંગલગંજથી રેખા પાત્રા અને પાનિહાટીથી રત્ના દેબનાથ જેવી મહિલાઓની જીત ફક્ત ચૂંટણીમાં સફળતા નથી.

અહીં એક ઘરકામ કરતી સ્ત્રી છે, મજૂર વર્ગ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલી સ્ત્રી છે, અને એક માતા છે જેણે પોતાના વ્યક્તિગત દુઃખ અને સામાજિક અપમાનને શક્તિ અને દૃઢ નિશ્ચયમાં પરિવર્તિત કર્યું છે. આ મહિલાઓની હાજરી ભારતીય રાજકારણના બદલાયેલા ચહેરાને ઉજાગર કરે છે, જ્યાં, પહેલીવાર, એક સમયે હાંસિયામાં ધકેલાઈ ગયેલી સ્ત્રીઓ હવે શક્તિ અને પ્રતિનિધિત્વના કેન્દ્રમાં છે.

આ મહિલાઓની જીતને ફક્ત ચૂંટણી પરિણામો તરીકે જોવી એ આપણા સામાજિક દ્રષ્ટિકોણની નિષ્ફળતા હશે. ચૂંટણીના આંકડા અને રાજકીય ચર્ચા ઉપરાંત, તેમની જીત મહિલા સશક્તિકરણની નિશાની છે. આ તે પ્રકારનું સશક્તિકરણ છે જેની સ્વતંત્રતા પછી સતત માંગ કરવામાં આવી રહી છે અને વર્ષોથી બૌદ્ધિકો અને વૈચારિક વર્તુળો દ્વારા તેની ચર્ચા કરવામાં આવી રહી છે.

કાલિતા માઝી, રેખા પાત્રા અને રત્ના દેવનાથ જેવી મહિલાઓની જીત સાથે, સ્વાભાવિક અપેક્ષા હતી કે ભારતમાં નારીવાદી વિચારધારાના સમર્થકો અને કટ્ટર સમર્થકો ખુલ્લેઆમ તેમની સાથે ઉભા રહેશે. આ અપેક્ષા એ હકીકતને કારણે પણ હતી કે વર્ષોથી, મહિલાઓના પ્રતિનિધિત્વ, રાજકીય ભાગીદારી અને નેતૃત્વની હાજરી અંગે અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે. પરંતુ આશ્ચર્યજનક રીતે, બધા ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ તેમજ વૈચારિક અને બૌદ્ધિક ચર્ચામાં એક વિચિત્ર મૌન સ્પષ્ટ છે.

મહિલા અધિકારો અને મહિલા નેતૃત્વના મુદ્દાઓ પર સામાન્ય રીતે બોલતા અવાજો આજે ખોવાઈ ગયા છે. નારીવાદી વિચારક નેન્સી ફ્રેઝર, તેમના પ્રખ્યાત નિબંધ "ફ્રોમ રિડિસ્ટ્રિબ્યુશન ટુ રેકગ્નિશન?" માં, ગંભીર પ્રશ્નો ઉભા કરે છે કે જો નારીવાદ સમાજમાં વાસ્તવિક અસમાનતાઓને બદલી શકતો નથી, તો તે થોડી સફળ અને વિશેષાધિકૃત મહિલાઓની સિદ્ધિઓ સુધી મર્યાદિત રહેશે.

કદાચ આ જ કારણ છે કે, જ્યારે સામાન્ય અને સંઘર્ષશીલ જીવનની મહિલાઓ રાજકારણ અને જાહેર નેતૃત્વ સુધી પહોંચે છે, ત્યારે સમાજ તેમને પ્રભાવશાળી અને સમૃદ્ધ પૃષ્ઠભૂમિની મહિલાઓ જેટલી સરળતાથી સ્વીકારતો નથી.

તેમના પુસ્તક, "ફેમિનિસ્ટ થિયરીઃ ફ્રોમ માર્જિન ટુ સેન્ટર" માં, બેલ હુક્સ લખે છે કે લાંબા સમયથી, મુખ્ય પ્રવાહના નારીવાદી પ્રવચન મુખ્યત્વે વિશેષાધિકૃત મહિલાઓના અનુભવો પર કેન્દ્રિત હતા. કદાચ આ જ કારણ છે કે સખત મહેનત, વંચિતતા અને સંઘર્ષમાંથી ઉભરી આવતી મહિલાઓને તે સરળ સ્વીકૃતિ, પ્રશંસા અને માન્યતા મળતી નથી જે પ્રભાવશાળી અને સમૃદ્ધ પૃષ્ઠભૂમિની મહિલાઓને પ્રમાણમાં સરળતાથી મળે છે. જ્યારે ભારતમાં કોઈપણ રાજકીય વિચારધારા અથવા પક્ષ દલિત, વંચિત અને સંઘર્ષશીલ મહિલાઓને મુખ્ય પ્રવાહના રાજકારણ સુધી પહોંચવાની તક આપે છે, ત્યારે તેમની હિંમત અને સંઘર્ષનું સૌ પ્રથમ સન્માન કરવું જોઈએ. તેમને ફક્ત રાજકીય પક્ષના ચશ્માથી જોવા અને ચૂપ રહેવું એ કદાચ દાયકાઓથી હિમાયત કરવામાં આવતા વ્યાપક સામાજિક ઉદ્દેશ્યને મર્યાદિત કરવા જેવું છે.

નારીવાદનો ઉદ્દેશ્ય ફક્ત મહિલાઓને પ્રતિનિધિત્વ પૂરું પાડવાનો નથી, પરંતુ લિંગ શોષણ અને દમનના માળખાને તોડી પાડવાનો છે. મહિલાઓનો સંઘર્ષ ફક્ત વૈચારિક ચર્ચાઓ સુધી મર્યાદિત ન હોઈ શકે; તેને હાંસિયામાંથી નેતૃત્વ સુધી પહોંચતી મહિલાઓના જીવંત અનુભવો, વર્ગ સંઘર્ષો અને સામાજિક વાસ્તવિકતાઓના સંદર્ભમાં પણ સમજવું જોઈએ. પછી, તેમનો પ્રભાવ ફક્ત વ્યક્તિગત સિદ્ધિ સુધી મર્યાદિત નથી. આ પરિસ્થિતિ સમાજની લોકશાહી કલ્પના, મહિલાઓની આકાંક્ષાઓ અને પ્રતિનિધિત્વની પરંપરાગત સીમાઓને પણ પરિવર્તિત કરે છે.

### રૂ. ૧૫૦ કરોડના ખર્ચે બનેલા સરદાર ધામમાં ૨૦૦૦ છાત્રોને વ્યવસાયલક્ષી તાલીમ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ અપાશે

# નવ નિર્મિત સરદાર ધામનું વડોદરામાં લોકાર્પણ કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી દેશને દિશાદર્શન કરતા જણાવ્યું છે કે, પ્રવર્તમાન સમયમાં વિદેશી મુદ્રા ઉપર ભારણ પડે તેવી પ્રવૃત્તિ ઘટાડવી પડશે. દેશની આર્થિક મજબૂતી માટે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની અપીલ કરતાં વડાપ્રધાનશ્રીએ 'વોકલ ફોર લોકલ'ને જનઆંદોલન બનાવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

વડોદરા ખાતે સરદાર ધામ – ૩ના લોકાર્પણ પ્રસંગે ઉક્ત પરિપ્રેક્ષમાં વડાપ્રધાનશ્રી મોદીએ ઉમેર્યું કે, વૈશ્વિક સ્તરે છેલ્લા કેટલાક વર્ષોમાં ઊભી થયેલી અસ્થિર પરિસ્થિતિઓ, જેમાં કોરોના મહામારી, વૈશ્વિક આર્થિક પડકારો તથા પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષના પરિણામે ઊભી થયેલી પરિસ્થિતિઓનો સમગ્ર વિશ્વ પર વ્યાપક પ્રભાવ જોવા મળી રહ્યો છે.

વર્તમાન સંજોગોમાં દેશના સામાન્ય નાગરિકો પર ઓછામાં ઓછો બોજ પડે તે માટે સરકાર સતત પ્રયાસરત છે. આ સંદર્ભે નાગરિકોની સક્રિય જનભાગીદારી અને જવાબદાર અભિગમ સમયની માંગ હોવાનું તેમણે જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સહિતના મહાનુભાવોએ અહી વાઘોડિયા ચોકડી પાસે પાટીદાર સમાજ દ્વારા નિર્મિત રાજ્યના ત્રીજા સરદાર ધામનું લોકાર્પણ કરી તેનું નિરીક્ષણ કર્યું હતું. ૧૫૦ કરોડના ખર્ચે બનેલા સરદાર ધામમાં બે હજાર છાત્ર-છાત્રોને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ અપાશે. તેમણે ત્યાં સરદાર સાહેબની પ્રતિમાને વંદન પણ કર્યા હતા.

દેશના સંસાધનો પર પડતા વધારાના ભારણને ઘટાડવા માટે નાગરિકોને ઈંધણના સંયમિત અને કરકસરપૂર્ણ ઉપયોગ માટે અપીલ કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, પેટ્રોલ અને ડીઝલના વપરાશમાં શક્ય તેટલો ઘટાડો કરવો જોઈએ. મેટ્રો, ઈલેક્ટ્રિક બસ અને જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરવા, કારપૂલિંગને પ્રોત્સાહન આપવા તેમજ સરકારી અને ખાનગી ક્ષેત્રે વર્ચ્યુઅલ મિટિંગ્સ અને વર્ક ફ્રોમ હોમને પ્રાધાન્ય આપવું જોઈએ. તેમણે શૈક્ષણિક સંસ્થાઓને પણ જરૂરી હોય ત્યાં સમયબદ્ધ ઓનલાઈન શિક્ષણ વ્યવસ્થા અંગે વિચારણા કરવા સૂચવ્યું હતું.

દેશની વિદેશી મુદ્રાનો મોટો હિસ્સો ક્રૂડ ઓઈલ અને ખાદ્ય તેલની આયાત પાછળ ખર્ચાતો હોવાને ધ્યાનમાં રાખીને ખાદ્ય તેલના વપરાશમાં સંયમ રાખવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની શીખ આપતા તેમણે જણાવ્યું કે, સોનાની આયાત પાછળ થતા મોટા ખર્ચને ધ્યાનમાં રાખીને હાલની પરિસ્થિતિ સામાન્ય ન બને ત્યાં સુધી સોનાની ખરીદી ટાળવી જોઈએ. 'વોકલ ફોર લોકલ' અભિયાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવા, સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા તથા દેશના ઉદ્યોગકારોને મજબૂત બનાવવા પણ તેમણે ભાર મૂક્યો હતો.

કૃષિ ક્ષેત્રમાં સ્વદેશી અને ટકાઉ પદ્ધતિઓ અપનાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂકતાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા, રાસાયણિક ખાતરો ઉપરની નિર્ભરતા ઘટાડવા તેમજ ડીઝલ પંપના સ્થાને સોલાર પંપનો ઉપયોગ વધારવા તેમણે અનુરોધ કર્યો હતો.

દેશની વિદેશી મુદ્રાની બચત અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા માટે દેશની અંદર પ્રવાસનને પ્રોત્સાહન આપવાની જરૂરિયાતની હિમાયત કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ઉનાળાની રજાઓ દરમિયાન વિદેશ પ્રવાસને બદલે દેશના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લેવી જોઈએ, 'ડેસ્ટિનેશન વેડિંગ' માટે ભારતના સ્થળોને પ્રાથમિકતા આપવા તથા ગુજરાતના એકતા નગર ખાતે આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના પર્યટન કેન્દ્રોમાં આવા સમારોહ યોજવા જોઈએ. સાથે જ વિદેશમાં વસતા ભારતીયોને પણ વિદેશી નાગરિકોને ભારતના પર્યટન સ્થળોની મુલાકાત માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

વડોદરા ખાતે સરદારધામ–૩નું લોકાર્પણ કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે આજનો દિવસ પુણ્યપર્વ સમાન છે. સોમનાથ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે પ્રભાસ પાટણ ખાતે સોમનાથ અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે, ત્યારે સરદાર પટેલના સંકલ્પોથી પ્રેરિત સરદારધામ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટોના લોકાર્પણ અને શિલાન્યાસ થવો વિશેષ મહત્વ ધરાવે છે. તેમણે ડૉ. દુષ્યંત અને દક્ષા પટેલ કોમ્પ્લેક્સના લોકાર્પણ, શિક્ષણ સહાય યોજના અને નવી યોજનાઓના ભૂમિપૂજનને રાષ્ટ્ર




નિર્માણના અસરકારક પ્રકલ્પો ગણાવ્યા હતા.

વડાપ્રધાનશ્રીએ સરદારધામ દ્વારા શિક્ષણ અને યુવાનોના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતાં પ્રયાસોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે આવા સંસ્થાનો યુવાનોના ભવિષ્ય માટે 'લૉન્ચિંગ પેડ' સમાન સાબિત થશે. તેમણે આ કાર્ય માટે સમાજના તમામ આગેવાનો અને સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રીશ્રીએ તાજેતરના પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીના ચૂંટણી પરિણામો તેમજ ગુજરાતની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને પંચાયત ચૂંટણીમાં પ્રાપ્ત સફળતાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ગુજરાતના લોકોએ હંમેશા રાજકીય સ્થિરતાને પ્રાધાન્ય આપ્યું છે. રાજકીય સ્થિરતા અર્થતંત્રના વિકાસને ગતિ આપે છે અને ગુજરાતે આ દૃષ્ટિ બહુ પહેલાં અપનાવી હોવાનું તેમણે જણાવ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે સમાજમાં સ્થાયી અને વ્યાપક પરિવર્તન સામૂહિક શક્તિથી જ શક્ય બને છે. ખાસ કરીને શિક્ષણને પ્રાથમિકતા આપનારા સમાજોએ સતત પ્રગતિ કરી છે. સરદારધામના પ્રયાસોને બિરદાવતાં તેમણે જણાવ્યું હતું કે અમદાવાદ, સુરત, રાજકોટ, ભૂજ, મહેસાણા અને દિલ્હી સહિતના કેન્દ્રો યુવાનોના ભવિષ્ય ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. અમદાવાદ ખાતે કન્યાઓ માટે નવા વિદ્યાર્થી નિવાસના ભૂમિપૂજનનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

શિક્ષણ ક્ષેત્રમાં સરકારના સુધારાત્મક પ્રયાસોની ચર્ચા કરતાં વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મહત્વપૂર્ણ ગણાવી હતી. ભાષાના આધારે થતા ભેદભાવને દૂર કરવા, કૌશલ્ય વિકાસ, નવીનતા, સંશોધન અને એપ્રેન્ટિસશિપના અવસરોથી યુવાનોને વધુ સક્ષમ બનાવવામાં આવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. આવનારા સમયમાં દેશને વિશાળ કુશળ માનવશક્તિ મળશે જે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે તેમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતના યુવાનોમાં રહેલી ઉદ્યોગસાહસિક શક્તિની પ્રશંસા કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે સ્ટાર્ટઅપ ઈન્ડિયા અભિયાનથી નાના શહેરોના યુવાનો પણ ઉદ્યોગસાહસિક બની રહ્યા છે. મહિલાઓની ભાગીદારીમાં સતત વધારો થઈ રહ્યો છે અને રમતગમતથી લઈને સ્પેસ ટેકનોલોજી સુધી દેશની સિદ્ધિઓ યુવા શક્તિનું પ્રતિબિંબ હોવાનું તેમણે જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતના ભવિષ્યમુખી વિકાસ મોડલનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે સેમિકન્ડક્ટર, એરોસ્પેસ, ગ્રીન એનર્જી, એડવાન્સ એન્જિનિયરિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસિસ જેવા ક્ષેત્રોમાં ગુજરાત નવી ઓળખ ઊભી કરી રહ્યું છે. સાણંદ, ધોલેરા અને સુરતમાં સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ આગળ વધી રહ્યા છે ત્યારે વડોદરા મેન્યુફેક્ચરિંગ અને પરિવહન ક્ષેત્રે મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

વડોદરાના ઔદ્યોગિક વિકાસની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે અહીં નિર્મિત મેટ્રો કોચીસ વિદેશોમાં નિકાસ થઈ રહી છે, જ્યારે સાવલી ખાતે આધુનિક રેલ કોચીસનું ઉત્પાદન થઈ રહ્યું છે. એન્જિનિયરિંગ, કેમિકલ, ફાર્મા, હેવી મશીનરી અને પાવર ઈક્વિપમેન્ટ જેવા ક્ષેત્રોમાં વડોદરા મજબૂત ઉત્પાદન કેન્દ્ર બન્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. ગતિશક્તિ યુનિવર્સિટી પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે કુશળ માનવબળ તૈયાર કરી રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

પાટીદાર રત્ન ગૌરવ એવોર્ડના પ્રતિભાવમાં વડાપ્રધાનશ્રી મોદીએ કહ્યું કે, ઘર આંગણે જ અને પરિવારના લોકો દ્વારા સન્માન થવું એ આનંદદાયક છે. આ એવોર્ડ બાદ મારી જવાબદારી વધુ બની જાય છે. સરદાર સાહેબના અધુરા સ્વપ્નને સાકાર કરવાની જવાબદારી મારા ઉપર આવી છે અને હું તેને નીભાવી રહ્યો છું. સૌને ખબર છે કે, હું એક વખત નિશ્ચય કરૂ છું તો ફરી પાછો વળતો નથી. શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સરદાર સાહેબના સપનાના ભારતના નિર્માણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંકલ્પબદ્ધ છે. તેમણે કહ્યું કે, ભારતને એક કરવાના સરદાર સાહેબના સંકલ્પને કલમ ૩૭૦ દૂર કરી વડાપ્રધાનશ્રીએ સિદ્ધ કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રીય ઉજવણી તથા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના નિર્માણ જેવા કાર્યો સરદાર સાહેબ પ્રત્યેના સમર્પણના પ્રતીક છે. આ અવસરે વડાપ્રધાનશ્રીને 'સરદાર ગૌરવ રત્ન એવોર્ડ'થી સન્માનિત કરવાની ઘટના યથાર્થ હોવાનું તેમણે ગૌરવ સાથે જણાવ્યું હતું.

સરદારધામ મિશન–૨૦૨૬ અંતર્ગત સમાજ દ્વારા હાથ ધરાયેલા પાંચ સંકલ્પોને સાકાર કરવાની દિશામાં આ સંકુલ મહત્વપૂર્ણ સાબિત થશે. સાથે જ, તમામ સમાજના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૦૦ કરોડની 'સરદારધામ વિદ્યા સહાય યોજના' શરૂ કરાઈ છે, જે શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર પહેલ છે. ગામડાંના વિદ્યાર્થીઓને શિક્ષણ અને રહેઠાણ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી સમાજ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણના ધ્યેયને મજબૂત બનાવવાનો પ્રયાસ સરદારધામ કરી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર અને વિકસિત ભારત–૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગ્રીમ ભૂમિકા ભજવશે. સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના માર્ગે આગળ વધીને વિકસિત ગુજરાતના નિર્માણ માટે સૌ સાથે મળીને કાર્ય કરશે એવો વિશ્વાસ વ્યક્ત કરીને તેમણે કાર્યક્રમને સફળ બનાવવા બદલ સરદારધામ પરિવાર તથા દાતાશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ પાટીદાર સમાજના યોગદાનને બિરદાવતાં જણાવ્યું હતું કે, વિશ્વના કોઈપણ ખૂણે વસેલો પાટીદાર સમાજ ગુજરાતની ઓળખ અને ખમીરને ગૌરવ અપાવતો સમાજ છે. ખેતી, ઉદ્યોગ, વેપાર, શિક્ષણથી લઈને લોકશાહી સંસ્થાઓ સુધી સમાજનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, સરદારધામ જેવી સંસ્થાઓ સમાજશક્તિના માધ્યમથી શિક્ષણ અને સંસ્કારનું કાર્ય કરી રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશ અને વિશ્વમાં લોકપ્રિય નેતૃત્વ ધરાવતા વડાપ્રધાનશ્રી ગુજરાતની વિકાસયાત્રાને નવી ઊંચાઈઓ તરફ દોરી રહ્યા છે. તેમણે પશ્ચિમ બંગાળ સહિત વિવિધ રાજ્યોમાં વિકાસલક્ષી રાજનીતિને મળેલા લોકસમર્થનનો ઉલ્લેખ કરીને વડાપ્રધાનશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત અને અભિનંદન પાઠવ્યા હતા.

સરદાર ધામના ટ્રસ્ટી શ્રી ગગજીભાઈ સુતરિયાએ સ્વાગત પ્રવચનમાં સરકાર અને સામાજિક સંસ્થાઓ એક સિક્કાની બે બાજુ હોવાનું જણાવી વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સ્વપ્નમાં સરદાર ધામ યોગદાન આપવા કટિબદ્ધ હોવાનું કહ્યું હતું. જાણીતા ઉદ્યોગપતિ શ્રી પંકજ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ વેળાએ કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા, પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સહિત ગુજરાત સરકારના વિવિધ મંત્રીશ્રીઓ શ્રી ઋષિકેશભાઈ, શ્રી જીતુભાઈ વાઘણી, શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, શ્રી કમલેશ પટેલ, શ્રી કૌશિકભાઈ વેકરિયા, વિવિધ સાંસદ સભ્યશ્રીઓ, અગ્રણીઓશ્રી નરહરિ અમીન, શ્રી ગોરધનભાઈ ઝડપીયા, શ્રી ભરતભાઈ બોઘરા, વિવિધ પદ્મશ્રીઓ અને પદ્મ વિભૂષણો, સરદારધામના ચેરમેન શ્રી ગગજીભાઈ સુતરીયા, વિવિધ દાતાશ્રીઓ સહિત વડોદરાવાસીઓની જનમેદની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## ઈજા બંગાળને થાય અને દર્દ ગુજરાત અનુભવે : ચુંટણીના પરીણામોની આખી દુનિયામાં ચર્ચા : વડાપ્રધાન મોદી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અને બંગાળમાં વિધાનસભાની ચુંટણીમાં ભાજપની ભવ્ય જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલીવાર ગુજરાતના પ્રવાસે આવી પહોચ્યા હતા. બે દિવસીય આ ગુજરાત પ્રવાસ દરમિયાન ગઈ કાલે ૧૦ મી મે એ તેઓ જામનગર પહોચ્યા હતા. જયાં તેમનુ ભવ્ય અને ભાવભીનુ સ્વાગત કરવામાં આવ્યુ હતું. જામનગરની જનતામાં પીએમ મોદીને લઈને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

ખાસ કરીને સ્થાનિક લોકોએ દિલ સે મોદી લખેલી ખાસ ઘડીયાળો પહેરીને પીએમને અનોખી રીતે આવકાર્યા હતા. મોડી રાત્રે પણ વિશાળ જનમેદની વચ્ચે પીએમ મોદીએ આશરે ૧૫ મીનીટ સુધી જનસભાને સંબોધન કર્યુ હતું. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં ગુજરાતની વિકાસગાથા વાગોળતા જણાવ્યુ હતુ કે એક જમાનો હતો જયારે ગુજરાત માત્ર મીઠાના ઉત્પાદન માટે જાણીતુ હતું. પરંતુ આજે ગુજરાત સેમી કન્ડકટર, મેટ્રો કોચ અને આધુનિક રેલ્વે એન્જીન બનાવી રહ્યુ છે. હવે વિમાન બનાવવાની પણ તૈયારીમાં છે. તેમણે ઉમેર્યુ હતુ કે ગુજરાત કલાઈમેટ ડીપાર્ટમેન્ટ મીનીસ્ટ્રી બનાવનારૂ પ્રથમ રાજય છે અને રીન્યુબલ એનર્જી ક્ષેત્રે દેશના વિકાસમાં ગુજરાતનો સિંહફાળો છે. પશ્ચિમ બંગાળના ચુંટણીના પરીણામોનો ઉલ્લેખ કરતા મોદી ભાવુક જણાતા હતા. તેમણે કહ્યુ હતુ કે મારા લાંબા રાજકીય જીવનમાં મે ઘણી ચુંણટીઓ જોઈ છે. પરંતુ બંગાળના પરીણામોનો પ્રભાવ પહેલીવાર આટલો ઉંડો અનુભવ્યો છે. દેશમાંથી સ્વાભાવિક રીતે આનંદનો ભાવ છે, પરંતુ બંગાળના વિધાનસભાની ચુંટણીના પરીણામોની ચર્ચા સમગ્ર વિશ્વમાં થઈ રહી છે. દુનિયાના ગઢમાન્ય લોકો તેની નોંધ લઈ રહ્યા છે. પીએમ મોદીએ બંગાળ ચુંટણીને ઉલ્લેખીને વધુમાં કહ્યુ કે બંગાળના લોકોને કોઈ પીડા થાય તો તેની વેદના ગુજરાતીઓ અનુભવતા હતા. ત્યારે આ પરીણામોથી દરેક ગુજરાતીને હાશકારાનો અનુભવ થયો છે. આ માટે ભાજપના ૩૦૦ થી વધુ કાર્યકર્તાઓએ બલીદાન આપ્યુ છે. બંગાળમાં પરીવર્તન આવતા ગુજરાતના લોકોમાં પણ હર્ષ ની વેદના જોવા મળી છે. બંગાળના વિકાસમાં છેલ્લા ૫૦ વરસનો જે ખાડો છે તેને ભાજપ પુર્ણ કરશે તેવો વિશ્વાસ વ્યકત તેમણે કર્યો હતો. ખાસ અન્ય પાર્ટીઓની રાજનીતી પર પ્રહાર કરતા પીએમએ કહ્યુ હતુ કે જે લોકો પાસે વિકાસનુ કોઈ વિઝન નથી તેઓ માત્ર નવી ગાળો શોધવામાં જ સમય વેડફી રહ્યા છે. દેશની યુવા પેઢી હવે જાગૃત છે અને તેઓ જ દેશનુ ભવિષ્ય નકકી કરશે, તેઓ ભાજપને સતત જનસમર્થન આપી રહ્યા છે અને પોતાનુ ભવિષ્ય જાતે જ નકકી કરી રહ્યા છે. મોટા સપનાઓ જોઈ રહ્યા છે અને તેને સાકાર પણ કરી રહ્યા છે.

# ગુજરાતમાં ભાજપ હવે આમ આદમી પાર્ટી પર ઝાડુ ફેરવવાની તૈયારીમાં

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં સત્તાધારી પક્ષને જબરદસ્ત સફળતા મળી છે. કુલ ૧૦ હજાર બેઠકોમાંથી ૭૫૦૦ થી પણ વધુ બેઠકો કબ્જે કરીને સત્તાધારી ભાજપ પક્ષે શાસનનો ૩૦ વરસ પછી પણ સ્થાનિક સ્તરે હજુ પણ તેનો દબદબો હોવાનુ પ્રમાણ આપ્યુ છે. જે તેના માટે વિશેષ સિધ્ધિ કહી શકાય,

જો કે આ વખતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીનુ મહત્વનુ પાસુ હોય તો તે આમ આદમી પાર્ટીનો થયેલો ઉદય છે. તેને ગુજરાતમાં ૬૫૦ જેટલે બેઠકો મળી છે. આમ સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં આમ આદમી પાર્ટીનુ ખાતુ ખુલ્યુ છે. પણ હવે પક્ષ લાંબા સમય સુધી આ આનંદ મનાવી શકે તેમ નથી. સત્તાધારી પક્ષ ભાજપે આગામી વરસે યોજાનારી વિધાનસભા ચુંટણી અગાઉ હવે કોંગ્રેસને તોડવાનુ બાજુ પર મુકીને આમ આદમી પાર્ટીને તોડવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. તેનુ એક કારણ આમ આદમી પાર્ટીની અંદર ચાલતો આંતરીક કલહ પણ છે. તેનો ફાયદો ઉઠાવીને ભાજપ હવે ઝાડુ ને વેરવિખેર કરવા માંગે છે. હાલમાં આમ આદમી પાર્ટીની અંદર પક્ષના જ બે મોટા માથા બનેલા ગોપાલ ઈટાલીયા અને પક્ષપ્રમુખ ઈસુદાન ગઢવી વચ્ચે આંતરીક ખેંચતાણ ચાલી રહી છે અને તેનો ફાયદો ઉઠાવવા સત્તાધારી પક્ષ ભાજપ આતુર છે.

ભાજપે તાજેતરમાં જ આમ આદમી પાર્ટીના રાઘવ ચઢ્ઢા સહિત રાજય સભાના ૭ સાંસદોને તોડયા છે. તેમાં સંદિપ પાઠક જેવા વ્યુહરચનાકારનો પણ સમાવેશ થાય છે. તેમણે દિલ્હી અને પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બનાવવાની વ્યુહરચના રચી હતી. હવે આ જ સંદિપ પાઠક ની મદદ લઈને ભાજપ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના સંગઠનને વિખેરી નાખવાનુ આયોજન ધરાવે છે. તેમાં પણ ગોપાલ ઈટાલીયા અને ઈસુદાન ગઢવી વચ્ચેની ખેંચતાણ મદદરૂપ નિવડી શકે છે. તાજેતરમાં જ આમ આદમી પાર્ટીમાંથી ખેડુત અને યુવા આગેવાન રાજુ કરપડાએ આ આંતરીક ખેંચતાણથી કંટાળીને પક્ષ ત્યજયો હતો. આ જ રીતે આમ આદમી પાર્ટીના અન્ય આગેવાન સાગર રબારીએ પણ પક્ષના બધા હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ છે. આગામી દિવસોમાં આમ આદમી પાર્ટીના ગઢમાંથી વિવિધ પ્રકારના કાંકરા ખરી શકે તો આશ્ચર્ય નહી થાય. વર્તમાન સત્તાધારી પક્ષ ઈચ્છે છે કે આગામી વિધાનસભા ચુંટણીના પરીણામ પણ ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણી જેવા જ આવે, બીજા પક્ષોનો કોઈ ગજ જ વાગે નહી.

આમ આદમી પાર્ટી ને સ્થાનિક સ્વરાજયની ચુંટણીના દેખાવ પરથી તો કમસેકમ ૨૫ વિધાનસભા મત વિસ્તારો કબ્જે કરવાની અને મુખ્ય વિપક્ષ તરીકે કોંગ્રેસ હટાવીને બીજા સ્થાને આવવાની આશા છે. આ માટે તેણે જોરશોરથી તૈયારી પણ આદરી દીધી છે. આમ આદમી પાર્ટીને તળીયાના સ્તરે મળતુ સમર્થન જોઈને સરકાર પણ ચોંકી ઉઠી છે. આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં એકપણ બેઠક ન ધરાવતી આમ આદમી પાર્ટી પાસે ચારેક જિલ્લા પંચાયતો છે અને કેટલીક તાલુકા પંચાયતો પણ છે. તેમાં પણ મધ્ય ગુજરાતના આદિવાસી પટ્ટામાં તો આમ આદમી પાર્ટીનો દેખાવ ઘણો સારો રહ્યો છે. સરકારને પણ અંદેશો આવવા માંડયો છે કે પ્રજા સંભવતઃ હવે ત્રીજો વિકલ્પ અજમાવવા પર વિચારી રહી છે. તેથી વર્તમાન ભાજપ શાસને અત્યારથી જ પાણી પહેલા પાળ બાંધવાનો પ્રારંભ કરી દીધો છે. આમ રોગ અને શત્રુને ઉગતાં જ ડામવા તે ન્યાયે ભાજપે હવે પક્ષ તોડવા માટેની તેની તોપનુ નાળચુ કોંગ્રેસમાંથી આમ આદમી પાર્ટી તરફ ફેરવ્યુ છે. આમ આદમી પાર્ટીના ગઢના હાલમાં રહી ગયેલા ઘણા કિલ્લાઓને ધ્વસ્ત કરવા માટે સંદિપ પાઠકનો ઉપયોગ કરવામાં આવી શકે છે. આમ આદમી પાર્ટી માં બાકી રહી ગયેલા ધારાસભ્યોની વિકેટ ગમે ત્યારે ખેરવવામાં આવી શકે છે તેવી સંભાવના વધુ પ્રબળ બની છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૧૧/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૧૫૯ | ૪૪૦.૦૦ | ૫૬૧.૦૦ |
| ૨ | મગફળી | ૧૭૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૭૦૪.૦૦ |
| ૩ | એરંડા | ૨૮૨ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૮૮.૦૦ |
| ૪ | બાજરી | ૩૫ | ૪૫૦.૦૦ | ૪૯૫.૦૦ |
| ૫ | મકાઇ | ૨૩૫ | ૪૦૦.૦૦ | ૪૧૫.૦૦ |
| ૬ | ચણા | ૧૪૬ | ૯૦૦.૦૦ | ૧,૦૫૧.૦૦ |
| ૭ | ચણા (કાબુલી ) | ૫૪ | ૧,૦૮૦.૦૦ | ૧,૫૨૫.૦૦ |
| ૮ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૧૦૦.૦૦ |
| ૯ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૦૦.૦૦ | ૧,૩૦૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત
- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.૧૨૪ નરમ, ચાંદીનો વાયદો રૂ.૪૪૧૪ તેજ

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૬૦નો ઉછાળો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૯૫૪.૬૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૯૦૯૦.૧૯ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૫૬૦.૭૪ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૧૦૪૪.૯૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૯૫૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૮૯૦૯૦.૧૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૩૨.૨૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૫૬૦.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૪૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૪૩૪ અને નીચામાં રૂ.૧૫૧૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૫૩૦ના આગલા બંધ સામે રૂ.૧૨૪ ઘટી રૂ.૧૫૨૪૦૬ થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૬૫ ઘટી રૂ.૧૨૨૫૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૨ ઘટી રૂ.૧૫૩૫૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૯ ઘટી રૂ.૧૫૨૨૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૨૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૪૦૦ અને નીચામાં રૂ.૧૫૧૬૮૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૭૫૧ના આગલા બંધ સામે રૂ.૨૦૩ ઘટી રૂ.૧૫૨૫૪૮ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૬૪૫૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૬૩૫૫ અને નીચામાં રૂ.૨૬૦૯૮૬ના મથાળે અથડાઈ, રૂ.૨૬૧૯૨૨ના આગલા બંધ સામે રૂ.૪૪૧૪ વધી રૂ.૨૬૬૩૩૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૩૭૪૬ વધી રૂ.૨૬૮૦૧૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૬૬૪ વધી રૂ.૨૬૭૯૫૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૦૮૭.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૨૪.૦૫ વધી રૂ.૧૩૪૯ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૨.૮ વધી રૂ.૩૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૭.૧ વધી રૂ.૩૭૫.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૨૦૧.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૮૯૪.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૬૨૦ અને નીચામાં રૂ.૪૪૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૦ ઘટી રૂ.૪૫૬૮ થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૯૩૮૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૬૨ અને નીચામાં રૂ.૯૨૨૮ના સ્તરને સ્પર્શી, રૂ.૯૦૨૪ના આગલા બંધ સામે રૂ.૩૬૦ વધી રૂ.૯૩૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૩૫૮ વધી રૂ.૯૩૮૪ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦.૫ વધી રૂ.૨૭૧.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૧૦.૪ વધી રૂ.૨૭૧.૬ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૮૭ના ભાવે ખૂલી, ૧૦ પૈસા વધી રૂ.૯૯૦.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૨૫ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૨૭૩૧ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૦૧૦.૨૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૫૫૦.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૧૯૪.૫૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૫૧.૫૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦.૬૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧૧.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૧.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૫૩૫.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૨૭.૬૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૩૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૦ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૫૪૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૮૫૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૨૫૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૧૨૦૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૭૩૮૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૪૬૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૭૮૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૦૬૪૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૧૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૨૯૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૭૭૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૯૯૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫૨ પોઈન્ટ ઘટી ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૪ વધી રૂ.૧૧૦.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૩૫ વધી રૂ.૧૧.૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮ ઘટી રૂ.૧૭૧૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૬.૫ વધી રૂ.૧૪૫૦ થયો હતો. તાંબું મે રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૮૮ વધી રૂ.૮.૬૯ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૨ પૈસા ઘટી રૂ.૩.૯૧ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૭.૪ વધી રૂ.૨૭૧.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨ વધી રૂ.૧૧.૪૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦ ઘટી રૂ.૬૪૧.૫ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૮૨.૫ વધી રૂ.૧૫૮૮ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧૩.૨ ઘટી રૂ.૧૫૮.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૯૫ ઘટી રૂ.૧૦.૧ થયો હતો.

સોનું મે રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૪.૫ વધી રૂ.૩૪૮.૫ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૦.૫ ઘટી રૂ.૧૦૬૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૬૭ ઘટી રૂ.૯.૪૩ થયો હતો. જસત મે રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૯ પૈસા ઘટી રૂ.૧ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧૩.૩ ઘટી રૂ.૧૬૫.૪૫ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૮૫ ઘટી રૂ.૮.૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૩ વધી રૂ.૧૯૩૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯.૫ ઘટી રૂ.૫૯૯.૫ના ભાવે બોલાયો હતો.

## ભાવનગર રેલવે મંડળના જૂનાગઢ સ્ટેશન ખાતે સાંસ્કૃતિક સંધ્યા કાર્યક્રમનું આયોજન



પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માની પ્રેરણાથી શુક્રવારે જૂનાગઢ રેલવે સ્ટેશન પર ભવ્ય સાંસ્કૃતિક સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગન તેમજ સહાયક કાર્મિક અધિકારી શ્રી સંતોષ વર્મા વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંગીત, નૃત્ય, ભાષણ, મ્યુઝિકલ ચેર સહિત વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રેલવે કર્મચારીઓ અને તેમના બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા અને પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહ, આનંદ અને પારિવારિક સૌહાર્દનું વાતાવરણ છવાયેલું રહ્યું હતું.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે તમામ કાર્યક્રમો અત્યંત સફળતાપૂર્વક અને આકર્ષક રીતે પૂર્ણ થયા હતા. સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રતિભાગીઓને વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી અને સહાયક કાર્મિક અધિકારી દ્વારા પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ અવસરે સહાયક કાર્મિક અધિકારી શ્રી સંતોષ વર્માએ કર્મચારીઓને પોતાના કર્તવ્યો પ્રત્યે સતર્ક રહેવા, કાર્યસ્થળે સ્વચ્છતા જાળવવા તથા જીવનમાં સતત પ્રગતિ માટે પ્રયત્નશીલ રહેવા પ્રેરિત કર્યા હતા. જ્યારે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગને કર્મચારી ભવિષ્ય નિધિ (PF) સંબંધિત વિવિધ લાભો અને સુવિધાઓ અંગે કર્મચારીઓને વિગતવાર માહિતી આપી હતી.

આ કાર્યક્રમ કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે માત્ર મનોરંજનનો અવસર જ નહીં, પરંતુ પરસ્પર સંવાદ, જાગૃતિ અને સંગઠનાત્મક એકતાને વધુ મજબૂત બનાવવામાં પણ સહાયક સાબિત થયો હતો. પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ ભવિષ્યમાં પણ કર્મચારીઓના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે આવા કાર્યક્રમોનું આયોજન કરતું રહેશે.

# આદિવાસી પટ્ટામાં ભાજપનુ ધોવાણ : ગુજરાતની ચુંટણીના એકલ વીર હિરો ચૈતર વસાવા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતની ૨૦૨૬ ની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં જયાં મોટા રાજકીય પક્ષો અને મંત્રીઓની ફોજ ઉતારવામાં આવી હતી ત્યાં આદિવાસી નેતા ચૈતર વસાવા એક પ્રભાવક ચહેરા તરીકે ઉભરી આવ્યા છે. પક્ષના માળખા કરતા તેમની વ્યકિતગત લોકપ્રિયતા આદિવાસી વિસ્તારોમાં વધુ જોવા મળી રહી છે. તેઓ આદિવાસી પટ્ટાના ખરા લોકપ્રિય નેતા તરીકે પ્રાસ્થાપિત થયા છે. જેની સામે રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જેવા કદાવર નેતાઓને જવાબદારી સોંપવા છતાં તેઓ ધાર્યો પ્રભાવ પાડી શકયા નથી.

૨૦૨૧ ની સરખામણીએ ૨૦૨૬ ની ચુંટણીમાં આદિવાસી વિસ્તારોમાં મતોનુ સમીકરણ સંપૂર્ણપણે બદલાઈ ગયુ છે. ચૈતર વસાવાના રાજકીય ઉદયને કારણે આમ આદમી પાર્ટી અને ભારત આદિવાસી પાર્ટી મજબુત બની છે. આંકડાકીય વિશ્લેષણ મુજબ ભાજપના મતો માં ૪૬.૪૮ ટકા થી ઘટીને ૪૩.૪૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. સૌથી મોટુ નુકશાન કોંગ્રેસને થયુ છે. જેનો ૩૮.૪૦ ટકાનો મતબેંક ઘટીને ૨૨.૨૬ ટકા પર આવી ગયો છે. તો બીજી તરફ આમ આદમી પાર્ટીનો મત શેર ૩.૫ ટકાથી વધીને ૧૦.૧૪ ટકા અને ભારત આદિવાસી પાર્ટીએ ૧૨.૧૮ ટકા સુધીની મજબુત પકકડ જમાવી છે.

નર્મદા જિલ્લો અત્યારે ચૈતર વસાવાનો સૌથી મજબુત ગઢ સાબિત થયો છે. ખાસ કરીને ડેડીયાપાડા અને સાગબારા જેવા વિસ્તારોમાં ભાજપ અને કોંગ્રેસ બંનેના પાયા હચમચી ગયા છે. ભરૂચ જિલ્લા પંચાયતમાં પણ સત્તા મેળવવામાં તેમની ભુમિકા મહત્વની રહી છે. વાલીયા, ઝઘડીયા અને નાંદોદ ના ગ્રામ્ય વિસ્તારોમાં આદિવાસી યુવાનોમાં ચૈતર વસાવા પ્રત્યેનો ક્રેઝ વધ્યો છે. આ વિસ્તારોમાં તેમણે સ્થાનિક આદિવાસી નેતૃત્વ વિરૂધ્ધ બહારના નેતાઓ એવો નેરેટીવ સફળતાપુર્વક સેટ કર્યો છે. ચૈતર વસાવાની રાજકીય ઓળખ હવે માત્ર એક પાર્ટીના નેતા તરીકે નહી પરંતુ સમગ્ર આદિવાસી સમાજના અવાજ તરીકે બની છે. જમીન અધિકાર, જંગલ મુદ્દાઓ, રોજગાર અને નર્મદા બચાવો જેવા પાયાના પ્રશ્નો પર તેમની આક્રમક છબીને કારણે આદિવાસી યુવાનો તેમની સાથે જોડાયા છે. ૨૦૨૬ માં ભાજપે ઘણી જગ્યાએ કલ્યાણકારી યોજનાઓના આધારે સીટો બચાવી છે. પરંતુ ચૈતર વસાવાના પ્રભાવ હેઠળના વિસ્તારોમાં ભાજપને સંપૂર્ણ કલીન સ્વીપ મળી નથી. દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લામાં ખાસ કરીને નીઝર અને ઉચ્છલ પટ્ટામાં યુવા મતદારો આમ આદમી પાર્ટી અને ભારત આદિવાસી પાર્ટી તરફ વળ્યા છે. છોટા ઉદેપુરમાં કવાંટ અને પાવી જેતપુર જેવા વિસ્તારોમાં પહેલા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી લડત હતી. પરંતુ હવે ચૈતર વસાવાની સભાઓ અને પ્રચારને કારણે ત્યાં ત્રિકોણીય સ્પર્ધા ઉભી થઈ છે. કોંગ્રેસના પરંપરાગત ગણાતા વિસ્તારોમાં હવે નવા રાજકીય વિકલ્પોને જનતા સ્વીકારી રહી છે. દાહોદ જિલ્લાની ચુંટણીમાં પણ ભારે રસાકસી જોવા મળી હતી. જિલ્લા પંચાયતની ૫૦ માં થી ૪૯ બેઠકો પર મતદાન થયુ હતું. ૧૧ તાલુકા પંચાયતની ૨૪૯ બેઠકો અને દાહોદ નગરપાલિકાની ૩૬ બેઠકો પર રસાકસી જામી હતી. નગરપાલિકામાં ભાજપને ૨૦, કોંગ્રેસને ૧૪ અને અપક્ષને ૨ બેઠકો મળી છે. આ વિસ્તારમાં પણ આદિવાસી સંગઠનોએ પરંપરાગત પક્ષોને ટકકર આપી હોવાનુ વિશ્લેષણ બતાવે છે. છેલ્લા ૨૫ વરસમાં આદિવાસી વિકાસ માટે કરોડો રૂપીયાની ફાળવણી કરવામાં આવી છે. મોદી શાસન દરમિયાન કુલ ૧ લાખ કરોડ ની ફાળવણી થઈ હોવાનો અંદાજ છે. ૨૦૦૨ થી લઈને અત્યાર સુધી ક્રમશઃ બજેટમાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ ચૈતર વસાવા જેવા નેતાઓ હવે સવાલ ઉઠાવી રહ્યા છે કે જો કુટુંબદીઠ લાખો રૂપીયા ખર્ચાયા હોય તો તે ગયા કયાં ? આ સવાલ આદિવાસી મતદારોના મનમાં ઉંડી અસર કરી રહ્યો છે. ૨૦૨૬ ની ચુંટણીમાં આદિવાસી વિસ્તારોમાં ભાજપનો વોટશેર ૪૫ ટકા રહ્યો છે. જે રાજયના સરેરાશ ૫૩ ટકા કરતા ઓછો છે. તો બીજી તરફ આમ આદમી પાર્ટીનો રાજયવ્યાપી વોટશેર ૧૨.૬૭ ટકા રહ્યો છે. પરંતુ આદિવાસી જિલ્લાઓમાં આ આંકડો ૧૫ ટકા થી ૧૮ ટકા સુધી પહોચ્યો છે. આ ટ્રેન્ડ બતાવે છે કે હવે ગુજરાતના આદિવાસીઓ કોરીડોરમાં ભાજપ કોંગ્રેસ સિવાય ત્રીજો અને પ્રબળ અવાજ ઉભો થઈ ચુકયો છે. ચૈતર વસાવાની આગેવાની હેઠળ આ નવો રાજકીય પવન આગામી વિધાનસભા ચુંટણીમાં પણ નિર્ણાયક સાબિત થઈ શકે છે.


## નોર્થ ઇસ્ટર્ન ઇન્દિરા ગાંધી રિજનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સાયન્સિસ (NEIGRIHMS), શિલોંગ, મેઘાલય.

NEIGRIHMS

(ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા)

**જાહેરાત નંબર. EST-II-RFAC0FSEL/1/2025-Est.II તારીખ 08.05.2026**

ભારતીય નાગરિકો પાસેથી નીચેની ગ્રુપ 'એ' ફેકલ્ટી જગ્યાઓ ભરવા માટે સીધી ભરતી પર અરજીઓ મંગાવવામાં આવે છે, જો તેમાં નિષ્ફળ જાય તો ડેપ્યુટેશન/શોષણના આધારે ડિરેક્ટર, નોર્થ ઇસ્ટર્ન ઇન્દિરા ગાંધી રિજનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સાયન્સ, શિલોંગ દ્વારા નિયત ફોર્મ પર અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિભાગ | પોસ્ટ્સની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | પ્રોફેસર | સહયોગી પ્રોફેસર | સહાયક પ્રોફેસર |
| 1 | એનેસ્થેસિયોલોજી | - | 2 (1 OBC* & 1SC*) | 4 (2 OBC*, 1ST* & 1SC) |
| 2 | બાયોકેમિસ્ટ્રી | - | - | 1 UR |
| 3 | કાર્ડિયોલોજી | - | - | 1 UR |
| 4 | CTVS | 1 UR | - | 2 (1 OBC*& 1SC) |
| 5 | જનરલ દવા | - | 2 (1UR, 1 OBC*) | 3 (1 EWS, 1 SC* & 1 OBC*) |
| 6 | જનરલ સર્જરી | - | 1 OBC* | 3 (1 OBC*, 1 SC* & 1UR) |
| 7 | હોસ્પિટલ વહીવટ | - | - | 2(1 UR, 1O BC*) |
| 8 | મેડિકલ ઓન્કોલોજી | | - | 3 (2 UR, 1O BC*) |
| 9 | માઇક્રોબાયોલોજી | 1 UR | - | - |
| 10 | નેફ્રોલોજી | - | - | 1 UR |
| 11 | ન્યુરોસર્જરી | - | - | 1 SC |
| 12 | ન્યુરોલોજી | - | 1 UR | - |
| 13 | ન્યુક્લીયર દવા | - | - | 2 UR |
| 14 | પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગવિજ્ઞાન | 1UR** | 1UR | 1 OBC |
| 15 | નેત્રવિજ્ઞાન | - | 1 UR | - |
| 16 | બાળરોગ | - | - | 1 OBC* |
| 17 | પેથોલોજી | - | - | 1 OBC* |
| 18 | પીડા/પેલિએટઆઈવ | | | 2(UR) (1post reserved for VH) |
| 19 | ફાર્માકોલોજી | - | 1UR | - |
| 20 | રેડિયોડાયગ્નોસિસ અને ઇમેજિંગ | - | 2 (1UR, 1OBC*) | 3 (1 OBC*,1 SC*& 1 UR) |
| 21 | રેડિયેશન ઓન્કોલોજી | - | - | 1 SC* [post reserved for OH(OL)] |
| 22 | સર્જિકલ ઓન્કોલોજી | - | - | 3 (2UR, 1 OBC*) |
| 23 | ટીબી અને શ્વસન રોગ | 1 UR | - | - |
| 24 | ટ્રાન્સફ્યુઝન મેડિસિન અને બ્લડ સેન્ટર | - | - | 1 UR |
| 25 | યુરોલોજી | - | - | 1 OBC* [post reserved for OH (OL)] |
| | ટોટલ | **4** | **11** | **37** |

* ઉપર દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યા (બેકલોગ અનામત ખાલી જગ્યાઓ સહિત).
** પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગ વિભાગમાં પ્રોફેસરની જગ્યા માટે, આ જગ્યા ફક્ત ડેપ્યુટેશનના આધારે ભરવાની રહેશે.

**પગાર ધોરણ અને ઉંમર:**

| ક્રમ | પોસ્ટ | પગાર મેટ્રિક્સ મુજબ પગાર સ્તર | ઉંમર (અરજી રજૂ કરવાની છેલ્લી તારીખ મુજબ) |
|---|---|---|---|
| 1 | પ્રોફેસર | લેવલ 1-14-A (એન્ટ્રી લેવલ પે રૂ.159100/-) વત્તા NPA | 58 વર્ષ |
| 2 | સહયોગી પ્રોફેસર | લેવલ 1-13-A1 (એન્ટ્રી લેવલ પે રૂ.131400/-) વત્તા NPA | 50 વર્ષ |
| 3 | સહાયક પ્રોફેસર | લેવલ 1-12 (એન્ટ્રી લેવલ પે રૂ.101500/-) વત્તા NPA | |
| ઉપરાંત ભારત સરકારના નિયમો હેઠળ માન્ય અન્ય ભથ્થાં. NPA ફક્ત તબીબી રીતે લાયકાત ધરાવતા ફેકલ્ટી માટે જ આપવામાં આવશે. | | | |

અરજી ફી: ઉમેદવારોએ નીચેની લિંક પર ફક્ત ઓનલાઈન/ડિજિટલ મોડમાં બિન-રિફંડપાત્ર અરજી ફી ચૂકવવાની રહેશે:

**https://edu.easebuzz.in/register/NorthgugMT/recruitment services**

ચુકવણીનો કોઈપણ અન્ય પ્રકાર સ્વીકાર્ય નથી. નિર્ધારિત ફી વિનાની અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને ટૂંકમાં નકારી કાઢવામાં આવશે. વિવિધ શ્રેણીઓ માટે લાગુ પડતી અરજી ફી નીચે મુજબ છે:-

| ક્રમ | ઉમેદવારની શ્રેણી | અરજી ફી |
|---|---|---|
| (a) | General/OBC/EWS | રૂ.500/- |
| (b) | SC/ST | રૂ.250/- |
| (c) | PwBD | ખાલી |

જાહેરાતમાં દર્શાવેલ અરજી ફોર્મ, ખાલી જગ્યાઓ, પગાર ધોરણ, ઉંમર, અનામત, છૂટછાટ, આવશ્યક લાયકાત, અનુભવ, અરજી ફી, સામાન્ય માહિતી વગેરે અંગે વધુ વિગતો માટે NEIGRIHMS, શિલોંગ વેબસાઇટ http://neigrihms.gov.in પર ઉપલબ્ધ છે. બધા અરજદારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ વધુ અપડેટ્સ માટે નિયમિતપણે NEIGRIHMS, શિલોંગ વેબસાઇટની મુલાકાત લેતા રહે.

રસ ધરાવતા ઉમેદવારોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખે અથવા તે પહેલાં નિયત ફોર્મમાં ar-esttii@neigrihms.gov.in પર તેમની અરજીઓ ઇમેઇલ દ્વારા મોકલે.

ઉમેદવારોએ નિયત ફોર્મમાં મૂળ અરજીની સહીવાળી નકલ, પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો (ઉંમર, લાયકાત, અનુભવ, મેડિકલ કાઉન્સિલ નોંધણી, હાલના નોકરીદાતા તરફથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ), તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો એક ફોટોગ્રાફ અને ડિમાન્ડ ડ્રાફ્ટ સ્પીડ પોસ્ટ દ્વારા ડિરેક્ટર, નોર્થ ઇસ્ટર્ન ઇન્દિરા ગાંધી રિજનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સાયન્સિસ, માવડિયાંગડિયાંગ, શિલોંગ-793 018 ને સુપરત કરવાનો રહેશે.

અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ રોજગાર સમાચારમાં જાહેરાત પ્રકાશિત થયાની તારીખથી 45 દિવસ છે.

પ્રશ્નો માટે ફોન નંબર (0364) 2538020 અથવા 2539215/217 પર સ્થાપના વિભાગનો સંપર્ક કરો.

Sd/-
ડિરેક્ટર, NEIGRIHMS

cbc 17119/11/0006/2627

# તાજેતરમાં થયેલી ચૂંટણીઓના પરિણામોનું એક સત્ય અવલોકન

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણો દેશ લોકશાહીને આધીન દેશના બંધારણની સાથે બિનસાંપ્રદાયિકતા ને વરેલો દેશ છે. આને સામે રાખી સત્તાને જોરે હિન્દુત્વની ડિઝાઈન ને કેમ અમલમાં મૂકી શકાય એક આખો ભાવી એજન્ડા નક્કી કરી લેવામાં આવ્યો છે.

સમગ્ર દેશ અને આ દેશના સેક્યુલર બુધ્ધિજીવીઓ આને જ લગતા અને આવતા પરિણામો જોઈ અચંબિત થઈ પણ રહ્યા છે અને આ બધું દેશની લોકશાહીને આગળ ધરી સત્તાનો દૂરઉપયોગ ખુલ્લેઆમ થતો જોવાઈ રહ્યો છે, જણાઈ રહ્યો નથી શું?? લોકશાહી પ્રમાણે દેશને એકીસાથે પોતાની આગવી સત્તા મેળવી શકાય તેમ નથી. એટલે પોતાની ડિઝાઈન પ્રમાણે જુદા જુદા રાજયોમાં આવતી ચૂંટણીઓમાં સત્તાને જોરે બધા ક્ષેત્રોમાં ઈડી થી માંડી ચૂંટણી આયોગ અને અંતે ન્યાયાલયોમાં પણ પોતાના જ માણસો ગોઠવી એક તરફી માહોલ ઉભો કરી દેવામાં આવ્યો છે.

સમગ્ર દેશ જ નહીં અન્ય દેશો પણ આને નિહાળી રહ્યા છે. ગોદી મીડિયાનું એક આખું સંકુલ ઉભુ કરી દેવામાં આવ્યું છે. આપણા આ લોકશાહી દેશમાં કાયદો અને વ્યવસ્થા તદ્દન પડી ભાંગી છે. હવે આને રાજયો પ્રમાણે નકશો ઘડી લેવામાં આવ્યો છે. સમગ્ર દેશનો એકસાથે કબજો મેળવી શકાય તેમ નથી પાછલા રાજયોમાં થયેલી ચૂંટણીઓ બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી અને હાલમાં યોજાયેલી પાંચ રાજ્યોની ચૂંટણીઓનું અવલોકન (નિરીક્ષણ) કરી લેવામાં આવે તો બધા જ સંસાધનોને પોતાના હુકમો લાગુ કરી રાજ્યની ચૂંટણીઓ જીતી લઈ (હાલ ભાજપા નો ૨૨ રાજ્યો) ઉપર કબજો છે. આવતી ૨૦૨૯ ની લોકસભાની ચૂંટણીઓનો પ્રકાર શું હશે? તે દેશ માટે દેશની લોકશાહીની બિનસાંપ્રદાયકતા માટે શું સ્વરૂપ લેશે એ એક પ્રશ્નાર્થ રહેશે? છેલ્લે એટલું કહેવાનું કે દેશની લોકશાહી ખતરા માં છે એવું કહેવામાં હવે કંઈ બાકી રહ્યું જ નથી.

# ગુજરાત હાઈકોર્ટનો ઓનલાઈન અરજી કરનારા અરજદારો માટે મહત્વનો ચુકાદો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં આપેલો એક ચુકાદો ઓનલાઈન અરજી કરનારા અરજદારો માટે લાલબત્તી સમાન છે. કારણકે, જો ઓનલાઈન પ્રક્રિયામાં કોઈ ભૂલ રહી જાય તો સિસ્ટમ તેને સ્વીકારતી નથી અથવા તો પાછળથી વેરિફિકેશન સમયે મુશ્કેલી ઊભી થાય છે. અંતે ડિજિટલ યુગમાં જાગૃતિ એ જ શ્રેષ્ઠ સુરક્ષા છે. ઉમેદવારે એ સમજવું જોઈએ કે એકવાર "સબમિટ" બટન દબાવ્યા પછી ઘણીવાર સુધારો કરવાની તક મળતી નથી. ખોટી વિગતો રજૂ કરવા બદલ માત્ર ઉમેદવારી રદ થવી એટલું જ નહીં પરંતુ કાયદેસરની કાર્યવાહી કે દંડની જોગવાઈ પણ હોઈ શકે છે. આથી પોતાની મહેનત અને મેરીટ એળે ના જાય તે માટે ફોર્મ ભરતા પહેલા એક કલાકનો સમય ફાળવીને માહિતી પુસ્તિકા વાંચવી અને માર્ગદર્શક વિડીયો જોઈ લેવો એ કોઈ પણ ઉમેદવાર માટે હિતાવહ અને અનિવાર્ય છે.

ગુજરાત હાઈકોર્ટે વધુમાં ઉમેર્યું હતું કે " આ ડિજિટલ યુગમાં અરજદારે જરૂરી દસ્તાવેજો સાથે અરજી સબમિટ કરતા પહેલા યોગ્ય કાળજી લેવી જોઈએ. જે કરવામાં નિષ્ફળ રહેતા અરજદારને પાછળથી ફરિયાદ કરવાની મંજૂરી આપી શકાય નહીં."

અરજી સાથે અપલોડ કરવાના થતાં ફરજિયાત દસ્તાવેજો જેવા કે ફોટોગ્રાફ, ગુણપત્રક, જાતિના દાખલા કે અનુભવના પ્રમાણપત્રો નિર્ધારિત સાઈઝ અને ફોર્મેટમાં જ અપલોડ કરવા જોઈએ.જો કોઈ શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ આપેલા હોય તો તેને યુનિવર્સિટીના નિયમ મુજબ માર્કશીટ સાથે રાખવું અને અપલોડ કરવું જોઈએ. કારણકે તેના અભાવે ઉમેદવાર લાયક હોવા છતાં તેને પ્રક્રિયામાંથી બહાર કરવામાં આવી શકે છે. અંતે ડિજિટલ યુગમાં જાગૃતિ એ જ શ્રેષ્ઠ સુરક્ષા છે. તો મિત્રો હવે ધોરણ-૧૦ અને ૧૨ ના પરિણામો આવી ગયા છે ત્યારે ઉપરોક્ત બાબતો ખાસ ધ્યાન રાખજો. ઓલ ધ બેસ્ટ..

# શિક્ષણ વિભાગના નિયમોમાં કરાયા કેટલાક ફેરફારો: શિક્ષકોની જેમ આચાર્યો પણ શૈક્ષણિક સત્ર પૂર્ણ થયા બાદ થશે નિવૃત્ત

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા આચાર્યો માટે ઘણો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગના નવા નિયમોથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે વહિવટમાં ખુબ જ સરળતા રહેશે,



મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા આચાર્યોને વર્ષના મધ્યમાં નિવૃત્ત કરવાની જગ્યાએ શૈક્ષણિક સત્ર પૂર્ણ થયા પછી જ નિવૃત્ત કરવામાં આવશે. શિક્ષણ વિભાગના નવા નિયમો અનુસાર કોઈપણ પ્રાથમિક શાળાના આચાર્યની નિવૃત્તિની તારીખ સત્ર દરમિયાન આવે છે. તેઓ નિવૃત્ત થવાની જગ્યાએ શૈક્ષણિક સત્ર પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાની સેવાઓ ચાલુ રાખી શકશે. જેથી શાળાના વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં કોઈ ખલેલ પહોંચશે નહી. જયારે આચાર્યની નિવૃત્તિ થાય ત્યારે તેની અસર શાળાકીય કામગીરી પર અસર વર્તાતી હતી. શિક્ષણ વિભાગના નવા નિયમથી આચાર્યો પોતાના રીટાયરમેન્ટની તારીખ પછી પણ પોતાનુ કાર્ય ધપાવી શકશે. શિક્ષણ વિભાગે ઓફીશીયલ પરીપત્ર બહાર પાડીને સત્તાવાર જાહેરાત કરી છે. જેમાં શૈક્ષણિક સત્રમાં શિક્ષકોની નિવૃત્તિનો સમય નજીક હોય પરંતુ વિદ્યાર્થીઓના શિક્ષણને ખલેલ ન પહોંચે તે માટે તેમની સત્ર પૂર્ણ થાય ત્યાં સુધી ફરજ ચાલુ રાખવામાં આવે છે. આ નિયમનો લાભ ફકત શિક્ષકોને જ મળતો હતો. હવે આચાર્યનો પણ નિવૃત્તિની તારીખ બાદ સત્ર સુધી નોકરી ચાલુ રહેશે.

# સાબરકાંઠા જિલ્લાના ખેડુતોએ ખાતરના ભાવ વધારાને લઈ બાંયો ચડાવી: વડાલીના ખેડુતોમાં ભારે રોષ સાથે આંદોલનની આપી ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કેન્દ્ર સરકાર દ્વારા ખેડુતોના ખાતરના ભાવમાં વધારો કરવામાં આવતા રાજયમાં ઠેર ઠેર ધરતીપુત્રો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના ખેડુતો ડીએપી ખાતરના ભાવમાં કરવામાં આવેલા વધારાને લઈને સરકાર સામે બાંયો ચડાવી છે.

રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા ખાતરના ભાવમાં જે વધારો ઝીંકવામાં આવ્યો છે તેને લઈને ખેડુતોનુ કહેવુ છે કે આ વધારો તેમની કમર તોડી નાંખશે, વડાલીના ખેડુતોએ તાત્કાલીક ભાવવધારો પાછો ખેંચવાની માંગણી કરી છે. જિલ્લાના વડાલીમાં ખેતીના મુખ્ય સ્ત્રોત ગણાતા ડીએપી ખાતરના ભાવવધારાએ ખેડુતોની ચિંતામાં વધારો કર્યો છે. વડાલી તાલુકાના કેસરગંજ ગામના ખેડુતોએ આજે સોમવારે સરકાર સામે બાંયો ચડાવી હતી. ખેડુતોનુ કહેવુ છે કે ખેતીમાં બિયારણ, મજુરી અને ડીઝલના ભાવ પહેલાથી જ આસમાને છે. તેમાં પણ હવે સરકારે ડીએપી ખાતરના ભાવ વધારીને ખેડુતો માટે આફત સર્જી છે. કેસરગંજ ગામના ખેડુતોએ એક અવાજે માંગ કરી છે કે જો સરકાર આ ભાવવધારો પરત નહી ખેંચે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ખેડુતોનુ માનવુ છે કે સરકાર એક તરફ ખેડુતોની આવક બમણી કરવાની વાતો કરે છે. તો બીજી તરફ ખેતીના ખર્ચમાં સતત વધારો કરી રહી છે. ખેડુતો કહી રહ્યા છે કે અમે ખેતી કરીને માંડ અમારૂ ગુજરાન ચલાવીએ છીએ,



ડીએપી ખાતર વગર ખેતી શકય નથી અને સરકારે તેના ભાવ એટલા વધારી દીધા છે કે હવે ખેતી કરવી પરવડે તેમ નથી. આ ભાવવધારો તાત્કાલીક પરત ખેંચવો જોઈએ, નહીતર અમે રોડ રસ્તા રોકી આંદોલન તેજ કરીશું. કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ડીએપી ખાતરમાં ભાવ વધારો કરતા સરકારે ખેડુતોની કમર તોડી છે. ખેડુતોનુ માનવુ છે કે ડીએપી ખાતરમાં ભાવવધારો તાત્કાલીક પરત ખેંચવામાં નહી આવે તો આવનાર દિવસોમાં ખેડુતો રાજય અને કેન્દ્ર સરકાર સામે નવા એક આંદોલનનો માર્ગ અપનાવશે તે નકકી છે. તેવામાં હવે આગામી સમયમાં સરકાર ભાવમાં ઘટાડો કરે છે કે નહી તે હવે જોવુ રહ્યું.

# સોમનાથ અમૃત મહોત્સવ એ માત્ર અતિતનો ઉત્સવ નથી પરંતુ તે આગામી ૧૦૦૦ વરસ માટે ભારતની પ્રેરણાનો સ્ત્રોત છે: વડાપ્રધાન મોદી







પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભારતીય સંસ્કૃતિની અસ્મિતાના પ્રતિક સમાન પ્રથમ જયોર્તિલીંગ સોમનાથ મહાદેવના મંદિર પુનઃ નિર્માણના ૭૫ વરસ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે આજે સોમનાથ અમૃતમય બન્યુ હતું. વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદીએ આજે સોમવારે સોમનાથ ખાતે આયોજીત સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬ માં સહભાગી થઈને દેશવાસીઓને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે તેમણે સોમનાથ વિરાસતની સ્મારક ટપાલ ટીકીટ અને રૂપીયા ૭૫ ના મુલ્યના ખાસ સિકકાનુ અનાવરણ કર્યુ હતું. સદભાવના મેદાન ખાતે ઉમટેલી વિશાળ જનમેદનીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાવુક સ્વરે જણાવ્યુ હતુ કે સોમનાથ અમૃત મહોત્સવ એ માત્ર અતિતનો ઉત્સવ નથી, પરંતુ તે આગામી ૧૦૦૦ વરસ માટે ભારતની પ્રેરણાનો સ્ત્રોત છે. તેમણે વર્ષ ૧૯૫૧ ની ૧૧ મી મે ને યાદ કરતા કહ્યુ કે ૧૯૪૭ માં દેશ આઝાદ થયો પરંતુ ૧૯૫૧ માં સોમનાથ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા એ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદઘોષ હતો. સરદાર પટેલે વિખેરાયેલા રજવાડાઓને એક કરી આધુનિક ભારત બનાવ્યુ અને સોમનાથનુ પુનઃ નિર્માણ કરીને દુનિયાને બતાવ્યુ કે ભારત હવે તેના પ્રાચીન ગૌરવને પુનઃ પ્રાપ્ત કરવાના માર્ગે નીકળી પડયુ છે. ૧૧ મે ના દિવસનુ મહત્વ સમજાવતા વડાપ્રધાને પોખરણ પરમાણું પરીક્ષણને યાદ કર્યુ હતું. તેમણે કહ્યુ હતુ કે ૧૧ મે ૧૯૯૮ ના રોજ ભારતે ઓપેરશન શકિત દ્વારા દુનિયાને પોતાની તાકાત બતાવી હતી. શિવ સાથે શકિતની આરાધના આપણી પરંપરા છે. તેથી જ આપણે ચંદ્રયાનના લેન્ડીંગ પોઈન્ટને પણ શિવ શકિત પોઈન્ટ નામ આપ્યુ છે. તેમણે ભારપૂર્વક કહ્યુ હતુ કે સોમનાથનો અર્થ જ અમૃત છે. જેને કોઈ નષ્ટ કરી શકે નહી, જેટલીવાર આક્રમણકારોએ તેને તોડવાનો પ્રયાસ કર્યો તેટલીવાર તે વધુ દિવ્યતા સાથે ઉભુ થયુ છે. વડાપ્રધાને વિકાસ ભી, વિરાસત ભી ના મંત્ર પર ભાર મુકતા કહ્યુ કે છેલ્લા એક દાયકાથી કાશી વિશ્વનાથ, કેદારનાથ, અયોધ્યા અને સોમનાથ જેવા તીર્થસ્થાનોના કાયાકલ્પ થી માત્ર આસ્થા જ નથી વધી, પરંતુ દેશની આર્થિક પ્રગતિ પણ થઈ રહી છે. પ્રવાસન અને તીર્થસ્થાનોના વિકાસથી લાખો લોકોની રોજગારી જોડાયેલી છે. તેમણે નવી પેઢીને આ મહાન સાંસ્કૃતિક વારસો સોંપવાની અને તેને જાળવવાની જવાબદારી લેવા આહવાન કર્યુ હતું. આ અવસરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતુ કે સોમનાથ મંદિર વિધ્વંસમાંથી પુનઃ નિર્માણના સરદાર સાહેબના અડગ નિર્ધારનુ જીવંત ઉદાહરણ છે. તેમણે વડાપ્રધાન મોદીના નેતૃત્વની સરાહના કરતા કહ્યુ હતુ કે વડાપ્રધાને દેશવાસીઓમાં સનાતન સંસ્કૃતિના પુનઃ જાગરણનો ભાવ પ્રબળ બનાવ્યો છે. વર્ષ ૨૦૦૧ માં નરેન્દ્ર મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે સોમનાથનો સુવર્ણજયંતિ મહોત્સવ ઉજવ્યો હતો અને આજે તેમના જ નેતૃત્વમાં આ અમૃત ઉત્સવ ઉજવાઈ રહ્યો છે તે ગૌરવની વાત છે.

વડાપ્રધાને તેમના સંબોધનમાં સોમનાથની રક્ષા અને નિર્માણમાં યોગદાન આપનાર ભીમદેવ પ્રથમ, રાજાભોજ, અહલ્યાબાઈ હોલકર, કનૈયાલાલ મુનશી, ડો.રાજેન્દ્ર પ્રસાદ અને જામ સાહેબને યાદ કર્યા હતા. તેમજ વીર હમીરજી ગોહિલ અને વેગડા ભીલ જેવા શુરવીરોની શહાદતને નમન કર્યા હતા.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મતવિસ્તાર ભાડજમાં ક્રિષ્ણા રો હાઉસના નામે બોગસ દસ્તાવેજો આધારે મકાનો વેચવાનુ કૌભાંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મતવિસ્તાર ભાડજ માં સર્વે નં. ૬૬૬, ૬૮૭ અને ૬૮૮ વાળી સરકારી જમીન ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના હસ્તગત આવેલી છે. આ જમીન ઉપર (૧) દિપક ઈશ્વરભાઈ પટેલ રહે. રોનકપાર્ક સોસયટી સેટેલાઈટ અમદાવાદ (૨) કાંતી રતનલાલ જોશી રહે. રોનકપાર્ક સોસાયટી (૩) હેમલકુમાર ચંદ્રકાંત ગાંધી રહે. નવાવાડજ (૪) સુનીત પ્રવિણચંદ્ર પટેલ રહે. સોલા રોડ સહિતના મળતીયાઓએ ભેગા મળી ઉપરોકત સર્વે નંબરવાળી જમીન જે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ની છે.

આ જમીન ઉપર (૧) દિપક ઈશ્વરભાઈ પટેલ અને તેમના મળતીયાઓએ ભેગા મળી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ના બોગસ ખોટા સ્ટેમ્પ અને બોર્ડના સિકકા બનાવડાવી અને બોર્ડના બોગસ દસ્તાવેજો ઉભા કરી આ



જમીન ઉપર ક્રિષ્ણા રો હાઉસના નામે સોસાયટી બનાવી લોકોને લાખો રૂપીયાના ભાવે મકાનો વેચી બોગસ દસ્તાવેજો કરી આપેલ છે. જેમાં આ કૌભાંડી લોકોએ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડને કરોડો રૂપીયાનો ચુનો લગાડયો હોવાનુ રામાનંદી પંકજભાઈ ચંદુભાઈએ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ તેમજ પંચાયત વિભાગમાં અનેકવાર ફરીયાદો કરી હોવા છતાં બિલ્ડરો વિરૂધ્ધ આજ દીન સુધી કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સરકારની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

# કોંગ્રેસે વિધાનસભાની ચુંટણીઓ જીતવા સાબરકાંઠા જિલ્લામાં ફોજ ઉભી કરી: હિંમતનગર શહેર કોંગ્રેસે લઘુમતિ ચેરમેનની કરી વરણી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વિધાનસભા ચુંટણીઓ આડે હવે માત્ર દોઢેક વરસનો સમયગાળો બાકી રહ્યો છે. ત્યારે કોંગ્રેસે વિધાનસભાની ચુંટણીઓ જીતવા મોટી ફોજ ઉભી કરવાની તૈયારીઓ શરૂ કરતા સાબરકાંઠા જિલ્લાના કોંગ્રેસ કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ છવાયો છે.

પ્રદેશ કોંગ્રેસ સમિતિના લઘુમતિ ચેરમેન વજીરખાન પઠાણ દ્વારા સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામભાઈ સોલંકીની ભલામણથી હિંમતનગર શહેર કોંગ્રેસ સમિતિ લઘુમતિ ચેરમેન તરીકે અકીલ કુરેશીની વરણી કરવામાં આવતા શહેર ના લઘુમતિ સમુદાયમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

ઉલ્લેખનીય છે કે અકીલ કુરેશીએ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઝંપલાવી હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નં. ૨ માં ઉમેદવારી કરી હતી. જેમાં તેમને ૮૫૭ મત મળ્યા હતા.



# સમાજનો છોકરો અયોગ્ય હોય એટલે દિકરી બીજા સમાજમાં જાય : અનાર પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ગઢ વિસ્તારમાં આયોજીત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અનાવરણ કાર્યક્રમ દરમિયાન અનાર પટેલે સમાજની હાલની પરિસ્થિતિ અંગે મર્મસ્પર્શી અને તીખા વિચારો વ્યકત કર્યા હતા. લાલજી પટેલ સહિતના પાટીદાર આગેવાનોની હાજરીમાં તેમણે ખાસ કરીને દિકરીઓના આંતરજ્ઞાતિય લગ્નો અને યુવાઓની જીવનશૈલી અંગે ખુલ્લેઆમ નિવેદનો આપ્યા હતા. સાથે જ મહિલાઓને સમાજનુ નેતૃત્વ સંભાળવા માટે આગળ આવવાની અપીલ પણ કરી હતી. ગઢ વિસ્તારમાં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનુ ભવ્ય અનાવરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે પાટીદાર




સમાજના અનેક આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમાજની એકતા, નવી પેઢીની જવાબદારી અને સામાજિક મુલ્યો અંગે ચર્ચા કરવામાં આવી હતી. મીડીયા સાથે વાતચીત દરમિયાન અનાર પટેલે જણાવ્યુ હતુ કે તેમણે કયારેય પોતાનો બાયોડેટા તૈયાર કર્યો નથી. વર્ષ ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીને લઈને રાજકીય ચર્ચાઓ વચ્ચે તેમના આ નિવેદનોને રાજકીય વર્તુળોમાં પણ ખાસ મહત્વ આપવામાં આવી રહ્યુ છે. સમાજમાં દિકરીઓ અન્ય સમાજમાં લગ્ન કરતી હોવાના મુદ્દે અનાર પટેલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે જયારે આપણા સમાજના યુવાઓમાં સક્ષમતા અને જવાબદારીઓનો અભાવ હોય છે ત્યારે દિકરીઓ અન્ય વિકલ્પ પસંદ કરે છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે જો યુવક દારૂ પીતા હોય, કામ ન કરતા હોય કે બિનજવાબદારી પૂર્વક જીવન જીવતા હોય તો દિકરીઓને દોષ આપવો યોગ્ય નથી. તેમણે સવાલ કર્યો કે દરેક વખતે માત્ર દિકરીઓને જ સલાહ કેમ આપવામાં આવે છે અને યુવાઓની ખામીઓ પર ધ્યાન કેમ આપવામાં આવતુ નથી. અનાર પટેલે સ્ત્રી પુરુષ સમાનતા પર ભાર મુકતા જણાવ્યુ કે સમાજરૂપી રથ બે પૈડા પર ચાલે છે. જો મહિલાઓ સક્રિય બનશે અને નેતૃત્વ લેવા આગળ આવશે તો જ સમાજ સાચા અર્થમાં પ્રગતિ કરશે એવુ તેમણે કહ્યુ હતું. મહિલાઓને સામાજિક ક્ષેત્રે આગળ આવવા પોતાની ક્ષમતાનો પરીચય આપવા પણ તેમણે પ્રોત્સાહિત કર્યા હતા. પોતાના જીવનના ઉદાહરણો આપતા અનાર પટેલે જણાવ્યુ કે સમાજ અને દેશ માટે કામ કરવાથી પરીવારની જવાબદારીઓ અથવા સંસ્કારોમાં કોઈ ઘટાડો થતો નથી. તેમણે મહિલાઓને સંગઠીત બનીને સમાજ માટે કાર્ય કરવાની અપીલ કરી કહ્યુ કે મહિલાઓનુ સંગઠન એટલુ મજબુત બનવુ જોઈએ કે પુરુષો પણ તેમાંથી પ્રેરણા લે.

# વડોદરા વાસીઓને હવે સીએનજી અને પીએનજીના ભાવમાં વધારો ચુકવવો પડશે

## પીએનજી ગેસ માં પ્રતિ યુનિટ ૧.૫૦ નો વધારો કરાયો : સીએનજીમાં રૂ.૧ નો કરાયો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરાના નાગરીકોને ફરી એકવાર મોંઘવારીનો ઝટકો લાગ્યો છે. વડોદરા ગેસ લીમીટેડ (વીજીએલ) દ્વારા પીએનજી અને સીએનજી ગેસના દરોમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કુદરતી ગેસ અને ઈંધણના વધતા ભાવોની અસર હવે સ્થાનિક ગ્રાહકો પર જોવા મળી રહી છે. કંપનીએ પીએનજી ગેસના દરમાં પ્રતિ યુનિટ રૂપીયા ૧.૫૦ નો વધારો કર્યો છે. નવા દર




મુજબ હવે ઘર સુધી પાઈપલાઈન મારફતે પહોંચાડવામાં આવતા પીએનજી ગેસનો ભાવ વધીને રૂપીયા ૫૭.૭૪ પ્રતિ યુનિટ થયો છે. આ ભાવવધારાને કારણે વડોદરાના લાખો ઘરેલુ ગ્રાહકોને હવે વધુ ગેસ બીલ ચુકવવુ પડશે. ખાસ કરીને મધ્યમ વર્ગીય પરીવારોના માસિક ખર્ચ માં વધારો થવાની શકયતા છે. તો બીજી તરફ સીએનજી ગેસના ભાવમાં પણ રૂપીયા ૧ નો વધારો કરવામાં આવ્યો છે. હવે વડોદરામાં સીએનજીનો નવો ભાવ રૂપીયા ૮૩.૯૫ પ્રતિ કિલો થયો છે. ઓટોરીક્ષા, ટેક્ષી તેમજ ખાનગી વાહન ચાલકો માટે આ વધારો સીધો અસરકારક સાબિત થશે. પરીવહન ખર્ચ વધતા સામાન્ય લોકો પર પણ તેની અસર પડી શકે છે. ઉલ્લેખનીય છે કે ૫ મહિના પહેલા પણ વીજીએલ દ્વારા ગેસના દરોમાં વધારો કરવામાં આવ્યો હતો. ઉર્જા ક્ષેત્રના નિષ્ણાંતોના મતે મીડલ ઈસ્ટ માં ચાલી રહેલા તણાવ અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ઉભી થયેલી અનિશ્ચિતતાના કારણે કુદરતી ગેસના ભાવ સતત વધી રહ્યા છે. જેના કારણે ભારત સહિત અનેક દેશોમાં ગેસ વિતરણ કંપનીઓ ગ્રાહકો પર વધારાનો બોજ મુકી રહી છે.